**૦૬ મે-૨૦૧૭**

## કૃષિ મહોત્સવ-૨૦૧૭ નડિયાદ

### મુખ્યમંત્રીશ્રીએ ૧૩ મા રાજયવ્યાપી કૃષિ મહોત્સવનો નડિયાદથી કરાવ્યો પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ૧૩મા રાજયવ્યાપી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે રાજયના ખેડૂતોની આગવી કોઠાસુઝ, ખેતીમાં નીત નવા પ્રયોગોને પરિણામે ગુજરાતે ૧૧ ટકા જેટલો કૃષિ વિકાસ દર જાળવી રાખ્યો છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ખેડા જિલ્લામાં રૂા.૧૭૮ કરોડના ખર્ચે શેઢી સિંચાઇ યોજનાની કેનાલોની મરામત કામગીરી હાથ ધરવાની જાહેરાત કરી હતી. શેઢી કેનાલમાં હાલમાં ૬૦૦ કયુસેક પાણીની વહન ક્ષમતા છે. જે મરામત બાદ ૧૮૦૦ કયુસેક એટલે કે ત્રણ ગણી થશે. જેનો લાભ ખેડા જિલ્લાના ખેડૂતોને મળશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે રાજયના ખેડૂતોએ સુક્ષ્મ પિયત સિંચાઇ પદ્ધતિઓ અપનાવી સિંચાઇના પાણીનો કરકસરયુકત ઉપયોગ કરી "પર ડ્રોપ મોર ક્રોપ" ના સુત્રને સાચા અર્થમાં સાર્થક કરી ઓછા ખર્ચે વધુ પાક ઉત્પાદન મેળવી આર્થિક સમૃદ્ધિ મેળવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડા-આણંદ જિલ્લાના બે પ્રગતિશીલ ખેડૂતોને રૂા.૭૫ હજારના સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા ૦૫ ખેડૂતોને જિલ્લા કક્ષાના આત્મા એવોર્ડ, પશુપાલન વિભાગ દ્વારા યોજાયેલ દૂધ હરિફાઇના વિજેતાઓને ચેક વિતરણ કરવા સાથે ૧૨ લાભાર્થીઓને રૂા.૧૨ લાખના ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાના ચેકનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ખેતીવાડી શાખાની વિવિધ યોજનાઓના પૂર્વ મંજૂરી પત્રો અને ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ગેસ કીટનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે આણંદ કૃષિ યુનિર્વસિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઇ-સાહિત્ય, કૃષિ જ્ઞાન સંપૂટ-૨૦૧૭નું વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પ્રશાસન દ્વારા તૈયાર કરવામાં આવેલ મારી નગરપાલિકા, પારદર્શક નગરપાલિકા મોબાઇલ એપનું લોન્ચીંગ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જબુગામ, ગોધરા અને આણંદમાં નિર્માણ થયેલ વિવિધ ભવનોનું લોકાર્પણ કરવા સાથે ખેડા જિલ્લામાં છ આર્યુવેદિક દવાખાના તથા વાવડી અને ચેતરસુંબામાં જેટકો દ્વારા નિર્માણ થયેલ ૬૬ કે.વી. સબસ્ટેશનોનું લોકાર્પણ કર્યું હતું. ખેડા જિલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં રૂા.૯.૧૫ લાખના ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીનું વિવિધ સમાજ સંગઠનો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

ખેડૂતોના પાકને રોઝડા, ભૂંડના ત્રાસથી બચાવવા માટે રાજય સરકારે ચાલુ વર્ષે ખેડૂતોના ખેતર ફરતે તારની વાડ માટે રૂા.૭૫૦ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજયના ખેડૂતોને વૈજ્ઞાનિક અને આધુનિક ખેત પદ્ધતિનું જ્ઞાન ઘરે બેઠા મળે તે માટે કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો, એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજયની કૃષિ અને કિસાનોની સમૃદ્ધિ માટે ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં કૃષિલક્ષી સંશોધનો હાથ ધરવામાં આવી રહયા છે. ખેડૂતોની મહેનત, કૃષિ યુનિવર્સિટીઓના માર્ગદર્શનના સમન્વયથી આગામી ત્રણ વર્ષમાં ખેડૂતોની આવક બમણી થશે તેવો દ્રઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોના હિત માટે રાજય સરકારે લીધેલા નિર્ણયોની વિસ્તૃત જાણકારી આપતાં જણાવ્યું હતું કે, રાજય સરકારે ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી બાદ ૧.૭૫ લાખ મેટ્રીકટન તુવેરની ખરીદી કરી છે. રાજય સરકારે વધુ ૫૦ હજાર મેટ્રીક ટન તુવેર ખરીદવાનો નિર્ણય કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેડૂતોને સમયસર બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, વીજળી, સિંચાઇ માટેનું પાણી મળી રહે તે માટે સરકારે આગોતરૂં આયોજન કર્યું છે. જેના પરિણામે ગુજરાતનો ખેડૂત આજે ગ્રીન હાઉસ, નેટ હાઉસમાં આધુનિક ખેતી કરી પોતાના ખેત ઉત્પાદનો વિશ્વ બજારમાં નિકાસ કરી રહયાં છે.

મહેસુલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખેડૂતોને રાસાયણિક ખાતર, બિયારણ અને સિંચાઇના પાણીઓ સપ્રમાણ ઉપયોગ કરી ખેતી ખર્ચ ઘટાડી મહત્તમ પાક ઉત્પાદન મેળવવા અનુરોધ કરી ખેડૂતોને પોતાની જમીનની સમયાંતરે ચકાસણી કરાવી જમીનમાં ખૂટતા પોષક તત્વો ઉમેરવા જણાવ્યું હતું.

કૃષિ મંત્રી શ્રી ચીમનભાઇ સાપરિયાએ જણાવ્યું કે, રાજયમાં છેલ્લા ૧૨ વર્ષથી યોજાતા કૃષિ મહોત્સવના ક્રાંતિકારી પરિણામો મળ્યા છે. વર્ષ ૨૦૦૫માં કૃષિની આવક ૯૦૦૦ કરોડ હતી. જે આજે ૧,૨૬,૦૦૦ કરોડ ઉપર પહોંચી છે. જે ખેડૂતોના પરિશ્રમ અને કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શનને આભારી છે.

ખેડૂતો માટે કૃષિ સાથે ઉર્જા પણ મહત્વનું અંગ છે ત્યારે ખેડૂતોના હિતમાં રાજય સરકારે એક વીજ જોડાણમાં બે ઇલેકટ્રીક મોટર ચલાવવા, એક સર્વે નંબરમાં બે વીજ જોડાણ આપવા તથા ખેતી આધારિત ઉદ્યોગ સ્થાપવા માટે બિનખેતી પરવાનગી વગર ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપવાનો મહત્વકાંક્ષી નિર્ણય સરકારે કર્યો છે તેમ શ્રી સાપરિયાએ જણાવ્યું હતું.

વિધાનસભાના મુખ્યદંડક શ્રી પંકજભાઇ દેસાઇએ જણાવ્યું કે કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતો પરંપરાગત ખેતીને બદલે વૈજ્ઞાનિક ઢબે અદ્યતન ખેતી કરતા થયા છે. ખેડૂતોની સમૃદ્ધિ માટે કૃષિ પેદાશોની ઉત્પાકતા વધે તે માટે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવી રહયું છે. પ્રવર્તમાન સરકાર કૃષિ-કિસાનોના વિકાસ માટે સંકલ્પબદ્ધ છે, તેમ જણાવતાં રાજય સરકારે ખેડૂતોના હિત માટે લીધેલ કલ્યાણકારી નિર્ણયોની તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે કૃષિ મહોત્સવના પરિણામે ખેડૂતોને ઘરે બેઠા ખેતીનું આધુનિક જ્ઞાન મળતાં ખેડૂતોનું આર્થિક જીવનધોરણ બદલાયું છે. ખેડૂતો આર્થિક રીતે વધુ સમૃદ્ધ બને તે માટે સરકારે લીધેલ પગલાંની તેમણે છણાવટ કરી હતી. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ખેડૂતોને વાવણીથી માંડી કાપણી સુધી પાકને વીમા હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

પ્રારંભમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.એન.સી.પટેલે સૌનો આવકાર કર્યો હતો.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જયંતિભાઇ સોઢા, સંસદીય સચિવ શ્રી બાબુભાઇ પટેલ, સાંસદ શ્રી દિલીપભાઇ પટેલ, લાલસિંહ વડોદીયા, ધારાસભ્ય સર્વશ્રી કેસરીસિંહ સોલંકી, સંજયભાઇ પટેલ, પૂર્વમંત્રી શ્રી સી.ડી.પટેલ, શ્રી બિમલભાઇ શાહ, પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઇ ડાભી, કૃષિ વિભાગના અગ્રસચિવશ્રી સંજયપ્રસાદ, પશુપાલન અને સહકાર સચિવશ્રી ડૉ.મુરલીક્રિશ્ના, જી.સી.એમ.એમ.એફ.ના એમ.ડી. શ્રી આર.એસ.સોઢી, કલેકટર શ્રી કુલદિપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુધીર પટેલ, કૃષિ યુનિર્વસિટીઓના કુલપતિઓ, કામધેનુ યુનિ.ના કુલપતિ ડૉ.એમ.સી.વાષ્ણેય, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનિન્દરસિંહ પવાર, આણંદ અને ખેડાના અગ્રણીશ્રીઓ, પદાધિકારીઓ, કૃષિ, સહકાર, પશુપાલન વિભાગના અધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો સહિત વિશાળ સંખ્યામાં ખેડા-આણંદ જિલ્લાનો ખેડૂત સમુદાય હાજર રહયો હતો.

......................


કૃષિ
મહોત્સવ


કૃષિ સેમિનાર અને કૃષિ પ્રદર્શન













